ગુજરાત સરકાર

નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

સચિવાલય, ગાંધીનગર

તારીખ: ૦૬-૦૬-૨૦૨૦

અધિસુચના:

ક્રમાંક: એસએલઇ/૧૦૨૦૧૮/૨(ભાગ-૪)/ઈ૨

નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળ જિલ્લા પંચાયત, ગાંધીનગર ખાતે પ્રતિનિયુક્તિથી ફરજો બજાવતા શ્રી જયંતિલાલ આલજીભાઇ સોલંકી, અધિક મદદનીશ ઈજનેર(સી)ને આર.ઓ.પી-૨૦૧૬ મુજબ લેવલ-૯માં લઘુતમ પગાર રૂ.૫૩,૧૦૦ અને મહત્તમ પગાર રૂ.૧,૬૭,૮૦૦(રૂ.૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ પે ૫૪૦૦, આર.ઓ.પી-૨૦૦૬ મુજબ)માં તદ્દન હંગામી ધોરણે નીચેની શરતોને આધીન બઢતી આપીને ગાંધીનગર પંચાયત સિંચાઇ વર્તુળ, ગાંધીનગર હેઠળ નાયબ કાર્યપાલક ઇજનેર(સીવીલ), વર્ગ-૨ તરીકે નિમણૂક આપવામાં આવે છે.

શરતો:-

૧. ઉપરોકત હંગામી બઢતી નામદાર સુપ્રિમ કોર્ટ/ગુજરાત વડી અદાલતમાં પડતર ખાસ દિવાની અરજીઓ તેમજ અન્ય અદાલતોમાં પડતર કોઇપણ દિવાની અરજીઓમાં નામદાર સુપ્રિમ કોર્ટ, ગુજરાત વડી અદાલત તેમજ અન્ય અદાલતોના ચુકાદાઓને આધિન રહેશે.

૨. શ્રી સોલંકીની વિગતવાર નિયુક્તિનો હુકમ અધિક્ષક ઈજનેરશ્રી, ગાંધીનગર પંચાયત સિંચાઈ વર્તુળ, ગાંધીનગરએ કરવાનો રહેશે. વિગતવાર નિમણૂકનો હુકમ સત્વરે કરી હુકમની એક નકલ વિભાગને તુરત જ તથા so-e2-nwrws@gujarat.gov.in પર અચુક મોકલવાની રહેશે.

૩. શ્રી સોલંકીએ વિગતવાર નિમણૂકની જગ્યાએ દિન-૭માં હાજર થવાનુ રહેશે. જો નિયત સમય મર્યાદામાં હાજર નહીં થાય તો તેમના બઢતીના હુકમો આપોઆપ રદ થયેલા ગણવામાં આવશે, તેમજ તેઓ નિયત સમય મર્યાદા પછી બઢતીની જગ્યાએ હાજર થશે તો બઢતીના સંવર્ગમાં પ્રવરતા ગુમાવશે તેમજ તેઓ બઢતી મેળવવા ઇચ્છતા નથી તેમ માનીને તેઓને મળેલ ઉચ્ચત્તર પગાર ધોરણ પાછુ ખેંચવા સબંધમાં કાર્યવાહી કરવામાં આવશે.

૪. શ્રી સોલંકીને બઢતીની જગ્યાએ હાજર થવા તાત્કાલિક ફરજમુકત કરવાના રહેશે અને તેઓને છૂટા કર્યાની તથા તેઓને વિગતવાર નિમણૂકની જગ્યાએ હાજર કર્યાની જાણ તુરત જ વિભાગને કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એલ. જી. મહીડા )
સરકારના નાયબ સચિવ
નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

---

ક્રમાંક: એસએલઈ/૧૦૨૦૧૮/૨(ભાગ-૪)ઈ-૨

ગુજરાત સરકાર
નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા
અને કલ્પસર વિભાગ,સચિવાલય,
ગાંધીનગર

તારીખ: ૦૬-૦૬-૨૦૨૦

પ્રતિ

- માન. મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(જ.સં)ના અંગત સચિવશ્રી, ન.જ.સં.પા.પુ. અને ક.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(નર્મદા)ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ. અને ક.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ખાસ સચિવશ્રી(જ.સં)ના અંગત સચિવશ્રી, ન.જ.સં.પા.પુ. અને ક.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેરસેવા આયોગ, ગાંધીનગર(પત્ર દ્વારા)
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ગાંધીનગર જિલ્લા પંચાયત, ગાંધીનગર
- અધિક્ષક ઈજનેરશ્રી, ગાંધીનગર પંચાયત સિંચાઈ વર્તુળ, ગાંધીનગર
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- શ્રી જયંતિલાલ આલજીભાઇ સોલંકી, અધિક મદદનીશ ઈજનેર(સી) મારફત: જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ગાંધીનગર જિલ્લા પંચાયત, ગાંધીનગર

- સેકશન અધિકારીશ્રી, ઇ, ઇ-૩, ઇ-૪, ઇ-૪ સેલ, ગ-૨, ઇ-૫ અને ઇ-૬ શાખા, ન.જ.સં.પા.પુ.અને ક.વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, એચ. આર. એમ. એસ. સેલ, બ્લોક નં-૧, ૮ મો માળ સચિવાલય, ગાંધીનગર
- નાયબ સેકશન અધિકારીશ્રીની પસંદગી ફાઇલ/ પસંદગી ફાઇલ.

સેકશન અધિકારી
નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ